Extra No. 410

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] MONDAY, NOVEMBER 17, 2025 / KARTIKA 26, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

:: હંગામી જાહેરનામું ::

ધી ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)બી, અન્વયે

ક્રમાંક:ટ્રફક/ઉધના દરવાજા જંક્શન/મેટ્રો રેલ/જાહેરનામું/૧૧૨૯૭/૨૦૨૫.-સુરત શહેર વિસ્તારમાં મેટ્રો રેલ્વે બનાવવાનું કામકાજ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જે મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત સુરત મેટ્રો વર્ક ફેઝ-૧ કોરીડોર-૨ મજુરાગેટથી સારોલી સુધીનાં રૂટ ઉપર મેટ્રો રેલ કામગીરી કાર્યરત હોય જે રૂટ ઉપર ઉધના દરવાજા ક્રોસ રોડ જંકશન પર "ઉધના મેટ્રો સ્ટેશન" કામગીરી અંર્તગત જુની સબ જેલની સામે આવેલ ચામુંડા રેસ્ટોરેન્ટથી આગળ સોની TV શો-રૂમની સામે મેટ્રો સ્ટેશનની કામગીરી કરવાની હોવાથી રોજીંદા ટ્રાફિકને અડચણરૂપ ન થાય તેમજ વાહન ચાલકોની સલામતીને ધ્યાને રાખી સદર કામગીરી તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી ત્રણ માસના સમયગાળામાં ૨૪ કલાક દરમ્યાન કામગીરી કરનાર હોય સદર કામગીરીવાળી જગ્યાએ કોઇ અકસ્માત ન સર્જાય તેમજ મેટ્રો રેલની અગત્યની કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરી શકાય તે માટે જુની સબ જેલની સામે ICICI બેંકથી ઉધના દરવાજા તરફ જતા આગળ સોની TV શો-રૂમથી ઉધના દરવાજા તરફ જતો એક તરફનો (આશરે ૨૦૦ મીટર જેટલો) રસ્તો સંપુર્ણ બંધ કરી તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવા સારૂ અત્રેની કચેરીનાં ક્રમાંક:ટ્રફક/ઉધના દરવાજા જંક્શન/મેટ્રો રેલ/જાહેરનામું/૧૧૧૨૯/૨૦૨૫, તા.૦૪/૧૧/૨૦૨૫ થી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ હતુ. પરંતુ સદર રૂટ ઉપર દિવસ દરમ્યાન ટ્રાફિકનો વધુ પડતો ધસારો હોવાથી તેમજ ટ્રાફિક નિયમન સુચારૂ રીતે કરી શકાતુ ન હોવાથી સમયગાળામાં સુધારો કરી રાત્રીનાં કલાક-૧૦/૦૦ થી સવારનાં કલાક-૦૭/૦૦ વાગ્યા સુધી કરવો જન હિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી અન્વયે મળેલ અધિકારની રૂએ સુરત શહેર વિસ્તારમાં આવેલ ઉધના દરવાજા ક્રોસ રોડ જંકશન પર "ઉધના મેટ્રો સ્ટેશન" બનાવવાની કામગીરી કરવાની હોવાથી જુની સબ જેલની સામે ICICI બેંકથી ઉધના દરવાજા તરફ જતા આગળ સોની TV શો-રૂમથી ઉધના દરવાજા તરફ જતો એક તરફનો (આશરે ૨૦૦ મીટર જેટલો) રોડ ઉપર મેટ્રો સ્ટેશનની કામગીરી દરમ્યાન કોઇ અકસ્માત ન સર્જાય તેમજ વાહન ચાલકોની સલામતીને ધ્યાને રાખી સદર રૂટ ઉપર તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી રાત્રીનાં કલાક-૧૦/૦૦ થી સવારનાં કલાક-૦૭/૦૦ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

:: વૈકલ્પિક રૂટ ::

1) નિર્મલ હોસ્પીટલથી યુનીક હોસ્પીટલ થઇ ડાબે ટર્ન લઇ રોકડીયા ચાર રસ્તા થઇ ઉધના દરવાજા તરફ જઇ શકાશે.

2) 2.8 મીટરની ઊંચાઈ વાળા વાહનો ચામુંડા રેસ્ટોરેન્ટથી બ્રીજ નીચેથી સામેની સાઈડ જુની સબ જેલ થઈ જયેશ ભંડારી કબાબ એન્ડ ચીકન રેસ્ટોરેન્ટથી ડાબે થઈ ખટોદરા GIDC માંથી સુરત-નવસારી રોડ તરફ આવી શકાશે.

3) ICICI બેંકથી ઉધના દરવાજા તરફ જતા આગળ સોની TV ની દુકાન પાસેથી ડાબી બાજુ તરફથી પાછળના રસ્તા ઉપરથી ઉધના ચાર રસ્તા તરફ નાના-વાહનો (ફોર-વ્હીલ કાર તથા બાઈક તથા ઓટો રીક્ષા) માટે ખુલ્લો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા પ્રસિદ્ધ થતા અગાઉનો જાહેરનામા ક્રમાંક:ટફક/ઉધના દરવાજા જંક્શન/મેટ્રો રેલ/જાહેરનામું/૧૧૧૨૯/૨૦૨૫, તા.૦૪/૧૧/૨૦૨૫ આપો-આપ રદ્દ ગણાશે.

આ હુકમનો અમલ તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી રાત્રીનાં કલાક-૧૦/૦૦ થી સવારનાં કલાક-૦૭/૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૧૦/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમસિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત (શહેર)

:: હંગામી જાહેરનામું ::

ધી ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી અન્વયે

ક્રમાંક:ટ્રાફિક/મેટ્રો રેલ/મજુરાગેટ ઓવરબ્રિજ/જાહેરનામું/૧૧૧૩૦/૨૦૨૫.-સુરત શહેર ખાતે મેટ્રો રેલ પ્રોજેકટ અંતર્ગત કાદરશાનીનાળ થી ખજોદ ડ્રીમસીટી સુધીના કોરીડોર ફેઝ-૧ માં આવેલ મજુરાગેટ ખાતે મજુરાગેટ ઓવરબ્રીજ ઉપર મેટ્રો રેલ ક્રોસ કરતાં હેવી ગડર ચઢાવ્યા બાદ ગડરની ઉપર સ્લેબ નાંખવાની કામગીરી ચાલુ થનાર હોય જે કામગીરી આશરે ૫૦ દિવસ સુધીમાં પુર્ણ થનાર છે. સદર અગત્યની કામગીરી શરૂ કરવા સારૂ રોજીંદા ટ્રાફિકને અડચણરૂપ ન થાય તેમજ વાહન ચાલકોની સલામતીને ધ્યાને રાખી સદર કામગીરી તા.૦૩/૧૧/૨૦૨૫ થી તા.૨૩/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળામાં કલાક-૨૩/૦૦ થી કલાક-૦૬/૦૦ સુધી ફક્ત રાત્રી દરમ્યાન કામગીરી કરનાર હોય. જે માટે વાહનોની સેફટીને ધ્યાને રાખી મજુરા ગેટ ઉપરના બન્ને તરફનો ઓવરબ્રીજ ક્લાક-૨૩/૦૦ થી ક્લાક-૦૬/૦૦ સુધી ફક્ત રાત્રી દરમ્યાન દરરોજ સંપુર્ણ બંધ કરી તમામ પ્રકારના વાહનોના અવર-જવર માટે બંધ કરનાર હોય, સદર જગ્યા પર હાલ ટ્રાફીકની અવર-જવર થાય છે જેને ડાયવર્ઝન આપવુ પડે તેમ છે. સદર કામગીરીવાળી જગ્યાએ કોઇ અકસ્માત ન સર્જાય તેમજ મેટ્રો રેલની અગત્યની કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરવાની જરૂરીયાત મુજબ સદર જગ્યાએ રસ્તો બંધ કરવા બાબતે હંગામી જાહેરનામુ પ્રસિદ્ધ કરવુ જનહિતાર્થે જરૂરી હોય જેથી સદર કામવાળા રૂટ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ મુકતુ જાહેરનામુ પ્રસિદ્ધ કરવુ જનહિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી અન્વયે મળેલ અધિકારની રૂએ સુરત શહેર વિસ્તારમાં આવેલ (૧) નવી સિવિલ હોસ્પીટલ ના ગેટ સામેથી અઠવાગેટ તરફ જતો મજુરા ગેટ ઉપરનો ઓવર બ્રીજ (૨) જુની RTO થી ઉધના દરવાજા તરફ જતો મજુરા ગેટ ઉપરનો ઓવર બ્રીજ (૩) જુની RTO થી મજુરા ગેટ તરફ જતો ડાબી બાજુનો સર્વીસ રોડ ઉપર તા.૦૩/૧૧/૨૦૨૫ થી તા.૨૩/૧૨/૨૦૨૫ સુધી દિન-૫૦ માટે રાત્રીનાં ક.૨૩/૦૦ થી સવારનાં ક.૦૬/૦૦ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

:: વૈકલ્પિક રૂટ ::

- મજુરાગેટ થી અઠવાગેટ તરફ જતો રોડ ટુ-વે કરવામાં આવશે જેમાં...

  (૧) અઠવા ગેટથી જુની RTO થી જમણે બાજુ થઈ મજુરાગેટ તરફથી આવતા ડાબી સાઈડના રોડ ઉપરથી મજુરાગેટ થઈ મજુરાગેટ ઓવર બ્રીજ નીચેથી કડીવાળા ચાર રસ્તા તરફ તથા ઉધના દરવાજા ઓવર બ્રીજ ઉપરથી સુરત રેલ્વે સ્ટેશન તરફ જઈ શકાશે.

(૨) નવી સિવીલ હોસ્પીટલથી ડાબે ટર્ન લઇ ITI ના ગેટની સામેથી જમણી બાજુ થઇ મજુરા ગેટ ચાર રસ્તાથી ડાબી બાજુ ગાંધી ઇન્જીનરીંગની દિવાલ તરફના રોડ થઇ જુની RTO તરફ જતા ડાબી બાજુની એક સિંગલ લેન માંથી અઠવાગેટ તરફ જઇ શકાશે.

- દિવસ દરમ્યાન સવારનાં કલાક-૦૬/૦૦ થી રાત્રીના-૨૩/૦૦ સુધી રાબેતા મુજબ ઉપરોક્ત તમામ રસ્તા તથા ઓવર બ્રિજ વાહન વ્યવહાર માટે ખુલ્લા રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ જાહેરનામું તા.૦૩/૧૧/૨૦૨૫ થી તા.૨૩/૧૨/૨૦૨૫ સુધી રાત્રીનાં કલાક-૨૩/૦૦ થી સવારનાં કલાક-૦૬/૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા. ૦૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમસિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત (શહેર)

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.27 18:43:17 IST